**Sahitya Manthan**

**A Peer-Reviewed, Open Access e-journal**

**ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in**

**Year-5, Issue-5, Continuous Issue-35, January - February 2026**

# મંછા

-ડૉ રમણ માધવ

' હું ય મૂઈ..એની આંસ્યોને એકીટશે તાચી રહેલી. આખી જિંદગી એના પડખાં સેવ્યાં તોય એ માંણહને વારી ના હકી! એની આંસ્યો ચકરવકર થતી'તી. જાણે એની અડખે પડખે જમરાજના પાડા ઊભા હોય! કાળું મેંશ આકાશ કાગડાની જેમ પાંખો ફફડાવતું ઊતર્યું હોય, એમની કાયા દેડકીની જેમ ભીંસાતી હોય! તીક્ષ્ણ ચાંચથી એમનું હૈયું કોચાતું હોય એવી વેદનાથી એ કણસી રહ્યા'તા. પીડાને ઠાલવવા આંસ્યો મથતી'તી! મને થતું,' કઅ એ શું કામ આમ કરતા હશે?' એમની આંસ્યોમાં તો નકરો અપરાધભાવ વરતાતો'તો.બાચી એ જીવે આખી જિંદગી ચ્યાં એવું કોઈ મહાપાપ કર્યું'તું? હવારમાં વહેલા ઊઠતા, ટાઢા પાણીએ નહાતા,દીવાબત્તી કરતા. જિંદગીમાં કોઈનેય નથી સંતાપ્યા કે નથી કોઈને છેતર્યા! મારા મોઢા હામું જોતા ને કહેતા ક,'મંછા. જો મને મોત આવે. તો એય તારી હોડમાં આવે!'

લોક આવે છે, હોડ તાણી હુતેલ એ દેહને જૂએ છે.અને એ નજર ત્યાં પડી ન પડી કે તરત જ એ નજરથી મને વીંધે છે. જાણે મેં કોઈ મહા પાપ કર્યું ન હોય! જો એ પાપ ગણાય તો એના ભાગીદાર એય ખરાને? એ પાપ હોય તો અસ્ત્રીપુરુષ બેય પાપી કે નહી? આદમીની ઈચ્છા પરમાંણે જ અસ્ત્રીઓએ વરતવાનું?તોય વાંક અસ્ત્રીજાતનો!

હુંય મૂઈ..એમના ઓઠમાંથી ઓકાતા શબદને હમજવા મથું. મનઅ એમ કઅ ,' ચ્યાંક એ વિતાવેલી જિંદગી ઈયાદ કરીને વલોપાતા હશે.

એમણે કીધેલું એ સઘળુંય મારી પાંપણે ફરકવા માંડે છે. જીવતરને માંડવે ભજવેલા સઘળા વેહ ઝબકવા માંડે છે જાણે હુતેલો દેહ મારી આગર્ય આચીને બેઠો છે ને હું એ પાછલાં વરહોમાં વચી જાઉં છું .

ઈયાદ છે અમારા મેળાપની એ પહેલી રાત! પરણ્યાની પહેલી રાત નહોતી ! એ પહેલા અમારે ઘર ન કોઈ અવસર હતો કે ના કોઈ મોટો જગન.લગ્ન હોય ત્યારે ચાલીમાં જાન આવતી. મંડપ બંધાતા અમારે એવું કશું નહતું. નાનકડી એ ખોલી(ઓરડી )માં નતો કોઈ લગનીયું ગવાયું, ન ફટાણું, ના પીઠી રમાઈ ,ના ચોરી! પેલા ફિલમના પરદે બતાવાય છે એવું ગલગલિયા થાય એવું બધું અહીં ચ્યાં?અમે તોઅંધારી રાતનાં ભાગેડુ! ખોલીની વચાળે ખાટલો.એના પર ગાભો,એક કોર એ બેઠેલ ને બીજી કોર હું. ઝરમર ઝરમર વરસાદ પડે. જોરથી ઝાપટું પડે એ વખતે છતના પતરામાંથી તડમ તડમ અવાજ આવે ને ચૂવે. ભીંજાય ગયેલ દેહમાં કશુક થતું'તું. ને તોય એ ટાઢો બોર થઈને બેઠો હતો! મેં વર્ષોથી મનમાં મંસા ઉછેરેલી કઅ,' એક દન કો'ક રાજકુમાર આવશે,પડખે આવી બેસશે,ધીરેથી મારો ઘૂંઘટ ખોલશે ને પછી એની બાથમાં..! પણ એ તો મારી કોરી કલ્પના! ઘૂંઘટ આરપાર જોયું ને મનમાં જ બબડી ,' લ્યા, મારી અડોઅડ તો બેસવું હતું? આટલી ય હિંમત નહોતી તો પછી આમ ખાલી ખાલી આંસ્યો શું કામ મેળવી અતી?

એ ખાસ્સી વાર સામેની ભીંતને તાકી રહ્યા પછી કહે, ' મંછા, જિંદગીનાં હંધાય પાનાં તારી આગય ખોલી દઉં. ચ્યમ કઅ પાછળથી હંગાથ જીવવાનો પસ્તાવો ના થવો જોયે. મારી જિંદગીનાં વરસો તો કોબીજ જેવાં, વીતેલા વખતનાં પડ ઉકેલવાથી શું ફેણવાનું?

જિંદગીના એ દન બહુ આકરા હતા. મા એ દિયરવટું કરેલું એટલે મોટીયારનો ભાગ અડધો અડધ અને બાકીના અડધામાં બે ભાઈ! અર્ધું વિઘુ ભોંય વારસામાં આયેલી, એમાં તો વળી ખેતરના શેઢે પાણીની કુંડી. એ કુંડીને લીધે એક પારીયું (ક્યારો ) ભોંય નકામી થઇ જાય! ખેડૂતો ધોરિયાની પાળ તૂટી જતી ત્યારે, ના છોડ જૂએ કે ના ખાડો, ગમે તે જગાએ પાવડો મારે,ને ખાડો પાડે! ખેતરના શેઢાય પાંચ હાથના પહોળા! અને ઘાસ લોક લઇ જાય– હાવ મફતમાં! પાડોશીના શેઢે ઝાઝાં ઝાડવાં ને એનો વણછો મારા ખેતરે! મોચમથી છેક રાસવા છેટી ભોયમાં કશું પાકે નહિ. ઊભાટેરિયા જીવ ને ખેતીનું વૈતરું ફાવે નહિ. કશું પાકે નહિ. ખાવાના ફાંફાં!

મને એ હરિચંદ્ર પર વહાલ ઉભરાયેલું.

હું ય મૂઈ અંજાઈ જયેલી–એમને અંગ્રેજી વાંચતા જોઈ ને! એ એકાદ વરહ ભણેલાય ખરા પણ એ બધું એકડિયા બગડિયા હુંધીનું.ઝાઝું આવડે નહિ,પણ આંગળીઓના વેઢે હજારોનો હિસાબ કરી આલે,અંગ્રેજી દેશી હિસાબ લાયેલા અને એમાં બારાખડી જોઈ જોઇને અંગ્રેજી વાંચે. લૂગડાં પર છાપેલું મીલનું નામ ઉકેલી આપે! છપાયેલું દુકાનનું નામ વાંચે. મહાભારત વાંચે. એની કથાઓ લોકો આગળ કહે. વાર્તા ભલે ને ગુલબન્કાવલીની હોય કે સદેવંતસાવલીંગાની! એમની જબાનમાં તો નકરું મધ ભરેલું! આતો વખાનો માર્યો આ માંણહ બચારો માણહ જેવો નહિ રહેલો

એણે કીધેલું કે .'ખેતર ગીરવે મૂકીને પરણેલો.!

પરણેલો જાણીને મેં મોઢું મચકોડેલ. પણ પાછુ મનમાં થયું ક' માણહ છ તો ચોખ્ખા દલનો ! .

કશોય છોછ રાખ્યા વગર મને કીધેલું કે એક વખત સખત ઝાડા ઊલટી થઇ ગયાં'તા . એટલા ઝાડા કે અઠવાડિયા હુધી બંધ જ ના થાય. લોક કહે ,' ભાઈ,દહીં ખા ! એણે ખાસ્સું બસેર દહીં ખાઈ ગયેલો.કોઈક કહે,' કેળાં ખા , કોઈક કહે ,'બીલું બાફીને ખા .એ બધું ય કર્યું પણ કશુંય કારગત નીવડ્યું નહી. લોક ગુસપુસ કરતા કે ,આને તો કોઈકે મૂઠ મારી છે.'

વાત વાયરે ચડીને છેક હાહરીમાં પહોચી. કો'ક કાન ભંભેરણીય કરી .સાસરીવાળાને થયું કે, 'હવે આ જીવવાનો નથી!' એની વહુને પિયર લઈ ગયા. એ વાટ જોતા રહ્યા ,વહુ આજ આવે, કાલ આવે! હંદેહા કર્યા પણ સઘળું નકામ ઠર્યું.સાસરીવાળા થતું કે આ મૂઠની અવધિ હાડા તૈણ ઘડી,હાડા તૈણ દિવસ, મહિના કે હાડા તૈણ વર્ષ! કદાચ હાડા હાત વરહાં પણ હોય!

ખેતર ગીરવે. કોઈ મજૂરીએ બોલાવે નહી, વળી આ ઊભાં હાડકાંનો માંણહ. એને ખેતી ફાવે નહી. એણે કાપડની ફેરી શરુ કરી. કાપડ લેવા અમદાવાદ આવવું પડે. એણે ગાડીમાં જવાનું ને ગાડીમાં આવવાનું ગોઠવેલું - હોઘુ ભાડું ને હૈજપરની જાત્રા!

ગાડીમાં એને મારા બાપુની ઓળખાણ થઇ ને પછી તો બાપુ મિલ કામદારની જેમ નહી પણ લહેરી લાલાની જેમ બની ઠનીને ગામડે આવે, બેય જણ દારુ ઢીંચે. આ તાંતણો એવો કે બેયનેબાંધી દીધા -પાકી ભાઈબંધીમાં! એક દિવસ એ કહે , લ્યા હેડ અમદાવાદ, તન મિલમાં નોકરી અલાયી દઉં. બાપા એને છેક ઘર સુધી લઈને આ'યા'તા

મને હોળમું બેઠું'તું. ને વાળની ઊડતી લટ ગાલને અડકી જતી ને તોય ગલગલિયાં થતાં! ભલેને હું શ્યામ રંગી હોઉં પણ હતી તો મનમોહક,ઘાટીલી ને ખાસ્સી દેખાવડી! એની આંસ્યોમાં મારો ચહેરો રમેણે ચડતો. હુંય કશુક પામવાની મનસા ઉછેરતી રહી.

બાપુ મનેય મિલમાં લઇ જાય. મારા ભણવાના દહાડા હતા તોય મેં નેહારનું પગથિયું ન જોયું! ભણું કે ના ભણું,હું અસ્ત્રીની જાત. શો ફેર પડવાનો? હું નેહાર જાવ તો માંરોભાઈ મારા વગર મોટો

ચ્યમનો થાય? હું  હમજણી  થઇ અને છેટી બેહતી થઇ ત્યારથી મિલમાં કામે ચડી ગઈ. મા કે'તી,' છોકરીની જાત  એકલી ઘેર મેલીન જવાય નહિ!  છોકરી આંસ્યો  હાંમે રહે અને મહીને  ચપટી મુઠ્ઠી  કમાય એ  નફામાં!

હું  એની આંછો  હામે જોઉં ને કશુંક કશુંક થઇ જાય.એના ઝુલ્ફા આમતેમ ઉડતાં હોય,એ ડોક હલાવતો ને ગણગણતો હોય કે,' તેરે મન કી ગંગા ઓર મેરે મન કી જમના ,બોલ રાધા બોલ. એ મારી હામું જોવે. હું મુઈ આંસ્યો  ઢાળી દઉ. દૈજાણ મનેય  એ ગમતું'તું.  હું મૂઈ.જ્યાં જાવ ત્યાં મને એ જ દેખાય. એય મારા પર ઓળઘોળ!

એક દન હદ ઓરંગાઈ ગઈ.

કાદવમાં પગ પડી ગયો' તો. હું એમાંથી નીકળવા  મથું પણ એમાંથી નીકળવાને બદલે વધુ ને વધુ ખૂપતી'તી. ક્યારેક  ગણગણવા લાગુ ,'પ્રીત ન કરિયો કોઈ!'

મારા બાપને ગંધ આવી ગઈ.  એમને આ મુરતિયાની પગથી માથા હુધીની જાણકારી  હતી.એને અમારી ભેળો રાખ્યો'તો એનું કારણ તો એના ગામડામાં મળતો મહુડો હતું! એ મુફલિસની સાથે એની દીકરી નાતરે દે?  નાતમાં છોકરાઓનો દુકાળ પણ ચ્યાં હતો  કે એને આમ કુંવારું નાતરું કરાવવું પડે. એમણે પરખાવી દીધું  ,જા  અવે તું અમારી ભેળો નહિ '.

એક દન અમે એ ઘરથી અલગ થઇ ગયા.

રાત માથે લઈને આયા'તા .એ ઓરડીમાં અમારું પહેલું મિલન . મારું દલ ધમપછાડાય કરતું'તું . ને પછી ઘૂમતું વલોણું સાવ શાંત થઇ ગયેલું. મેં હાથ લંબાયેલ ને પછીતો આખું આકાશ મારી બાથમાં... બાપરે બારેય  મેઘ  મુશળધારે વરસી પડ્યા. કોરી ધરતી ભીની ભીની. માટીમાંથી માદક ગંધ..તાલબધ્ધ શ્વાસની આવન જાવન.હદયેના ધબકારમાં  મધુર સંગીત અને હું ડોલી ઊઠી.

ને પછી તો એના વગર મનેય ચેન ના પડે!

વાત વાયરે ચડીને છેક એની પત્ની પાસે ગઈ.

એક દન સવારના પહોરમાં એ આંગણે  આવીને ઊભી. હું મુઈ એને જોઇને હસી પડી.

એ બોલી ,મન ઓરખ છ?

,તું મારી આંછો હાંમે તો આજે જ આયી  પણ  મને તો જાણે  કાયમ  મારી પાંહે જ હોય એવું થતું' તું'.

આમ કો'કના ઘરમાં પેસી જઈને કો'કનું ઘર ભાગે તે ..  એ બોલી

'તે ઘર વસાવ્યું જ ક્યાં હતું મારી બેન? બાકી આમ માંદલા માણહ ને મેલી ને જતી ના રહેત?' મેં ય જુઆબ દીધો

' અલી રાંડ , આમ ઉઘાડું ઘર જોઇને પેસી  જવાય?' એ જાણે ડોળા કાઢતી હોય એમ મારી સામે જોયું .એનું મો લાલચોળ ,એની આખી કાયા ક્રોધથી ધ્રુજતી હતી

એટલામાં એ ત્યાં આવી પહોચ્યા.

પેલી બાઈએ એની સામે જોયું ને કોણ જાણે એનો ચહેરો બદલાય ગયો .આંખ ઢળી ગઈ ,હું તમને વઢવા નથી આયી . તમને કાયદો બતવવા ય નથી આયી. મારે નથી કોર્ટ કરવી કે નથી ભરણ પોષણ જોઈતું. હું તો બસ એટલો જવાબ આલો કે તમે મન ભૂલી જશો?' જવાબ આલો એટલે હું મારો રસ્તો હોધી લઉં.

હું મૂઈ એમના મોઢાને તાચી રહી પણ એમણે તો મગનું નામ મરી ના જ પાડ્યું . મને થયું કે, આ માંણહ ચબ્બાય નહિ બોલે.એટલે હું બોલી , ' અતાર હુધી તને જવાબ માંગવાનું ના હુજ્યું ને આજે જવાબ લેવા આયી સુ?

'હા એ મારી ભૂલ ..હું આજે જેમ બાપની ઉપરવટ થઈને આયી ને એમ મારે વહેલું આવવું જોઈતું'તું .પણ આપણ અસ્ત્રી જાતને ચેત્યેટલી બેડીઓ ?

'તું એમની જોડે પરણી છે એટલે તારો પરથમ અધિકાર. લે, હું જ હેંડી જાઉં છું . એટલું બોલી ને મેં એમની હામે જોયું . મને થયું કે, હમણાં એ પેલી ઉપર તાડૂકી ઊઠશે, કાંડું પકડી ઘર બહાર કાઢી મેલશે પણ એવું કશુંય થયું જ નહિ

પેલી બાઈએ પણ આંખમાં શ્રાવણ નોતર્યો.

હું ઊમરો વટાવવા ગઈ ત્યાં તો એમણે મારો હાથ પકડી લીધો મને અંદર ઘરમાં ધકેલી. મારા વાંસામાં હાથ ફેરવી ને બોલ્યા , તને ખબર છે ,માણસ જાત એને થયેલો પહેલો પ્રેમ કેવી રીતે ભૂલી શકે? એની સાથે ય મેં દિવસો વિતાવ્યા છે હું એનેય જાકારો ના દઈ શકુ . થોડું અટક્યા પછી કહે કે, આજ તારા પ્રેમની કસોટી છે તારે એમાંથી પાર ઉતરવાનું છે બોલ, એણે મને જે સવાલ કર્યો એ સવાલ હું તને કરું છું તું શું મને ભૂલી હકીશ? ને બીજે ઘર .... કોણ જાણે કેમ મેં મારો હાથ એના મો પર મૂકી દીધો. મારું આખું બદન ધ્રૂજી ઊઠયું.

એ બાઈ પાસે ગયા ,એનો હાથ પકડીને એને ઘરમાં ધકેલી.ને પછી મનેય ધકેલી.પછી એ જાતે જ હેડ્યા ઘરની બહાર ..

હું દોડી .પેલી બાઈ પણ દોડી મેં એમનો હાથ પકડી લીધો.અમે બંને બહાર નીકળવા લાગી

અમણે અમારા બંનેના હાથ સાહી લીધા. ને બોલ્યો, ડાબો કે જમણો આખરે તમે બેય મારા હાથ છો.

ત્રણેય નાનકડા માળામાં ગોઠવાયાં પછી અમને ખોળાના ખુદ્દારનીય મનસા જાગી

કોણ જાણ હું જ મૂઈ અક્કરમેણ ..બાચી આવો રોગ ચ્યમ થાય? જે માંણહ અનેકોની હોડમાં હુંવે એને આવો રોગ થાય. દાકતરે કહી દીધું કે, હવે દેહ સંબંધ ના બાંધતા.

મોટી મન કે'તી ' અલી એમનાથી છેટી રહેજે. આમતો આ રોગીલો માણહ ચ્યાક હાંફ ચડી જાય ને .. એ આડું ભાળી જતી.

ગઈ કાલે બન્યું એવું કે મોટી બંગલે ગયેલી .

એ ભૂખડી નજરે મારી હામે તાચી રહેલા! હું એમના ખોખલા શરીરને જોઈ રહી હાથ પગ પર કરચલીઓ ચિતરાયેલી. ક્યાંય હુવાળપ નહિ. છાતીનું પિંજર ઉચુનીચું થાય જાણે કોઈ એને પરાણે હલાવી રહ્યું છે તોય એની આંખોની પીળાશમાં કશુક પામવાની મનસા સળવળી .

આંગણની બોરસલ્લી ખીલી ઉઠી હતી. પવનની લહેરખી આવી ને લાલ ચટક ગુલમહોર પરનો માળો હચમચી ઊઠ્યો.રાધા કિસનના ફોટા આગળ અગરબત્તી ધુમાતી હતી એ મોગરાની ગંધ લઈને દઝાડવા લાગી. કોઈ રંગીન પતંગિયું એમની ફરતે ચકરાવો લઈને મારી તરફ ફરફરતું હતું.એમની આંસ્યોમાં કશુંક હળવળતું હળવળતું છેક મારી આંસ્યોમાં ભરાવા મથતું . હું પાંપણ ઢાળું તોય મને એ પજવ્યા કરતું મને થયું કે આ એકાંત ભરખે એ પહેલા અહીંથી જતી રહું .. પણ ...મારું દલડું તો કાંઠલા ની જેમ આ કોરથી હામી કોર ને હામી કોરથી આ કોર અથડાતું રહ્યું . હું ય મુ ઈ એવું ના કરી હકી. ઊભી રહી જાણે મુશળધાર વરસાદમાં કોઈ ઝાડવું ! આંખમાંના ચાતક ને વરસાદ નોતરાં દેતો' તો. હું પૂઠ ફેરવીને ડગ માંડવાનું વિચારું ત્યાં તો એ મારી સામે ! ને સડસડાટ મારી આખી દેહમાં ગરમ ગરમ લોહી રમેણે ચડ્યું . પગમાં આછી કંપારી વછૂટી પગ જાણે કહેતા તા , ભાગ મંછા ભાગ. આ કાળ ચોઘડિયું છે. ડાબી આંખ ફરકે છે. હું તો હાવ ચિતરાયેલ મનેખ! ના હાલું કે ના ચાલુ! ટગર ટગર જોઈ રહી એની ભૂખી આંખોને! કોણ જાણે હું હંધુય ભૂલી ગઈ. ઘણુય મથી તોય માટીની ગાગરમાં આખો સમંદર ઘૂઘવવા માંડ્યો ..માટીની ગાગર ઝમવા માંડી. ગાગરને છલકાતી રોકાય પણ આતો ઝમણ! હું બબડતી રહી ..ના, ના... ના.

'મનશા ....ભીના ભીના શબ્દ મારે કાન અથડાયા . એમણે મને ખેચી. આમ તો મારા પિયરમાં બધા મને મંછા કહે કોઈ મંછી કહે પણ આમને વહાલ ઉભરાય ત્યારે એ મને મનસા કહે .એ કહે, તું... તું મારી મનસા છે . મારી જીવવાની એક જ મનસા એ તું ..એ મને મંછીમાંથી મનસા બનાવી દે ને હું હરખપદુડી..એક વાવાઝોડું ..ને ઇન્દ્રીયાશન ડોલવા માંડ્યું.

આતો તલહરિયાનું તાપણું ....ઘડીક ભડકો ને પછી સઘળું રાણુંધૂપ

એ તો હોડ તાણી ને હૂતો સે ને હું મૂઈ .. હજી જીવવાના અભરખા રાખીને બેઠી છું. જેને ખાતર મા છોડી ,બાપ છોડ્યો , કાકા કુટુંબ ને મામા મોસાળ છોડ્યું એ જ હવે રહ્યું નહી કોના વાસ્તે જીવવું? લોક આંગળી ચીંધીને કહેશે આ પતિને ભરખી જઈ છે. મારું ઘર કયું? આ તો ભાડાનું ઘરને? .ને ગામડાના ઘર ખેતરમાં હક શેનો ?મને ઘરની વહુ ગણે? હું હાંફી ઊઠી ને મને સંભળાયું -

મંછા ..

કોણે બૂમ પાડી હશે?

સફેદ ચાદર નીચે સુતેલાએ ..

કે

મારી મોટી એ ?

સાહિત્ય સર્જન –૦વાર્તા સંગ્રહ (–૧ તોરણ, ૨ લાજ ,3 ચાકે ચડ્યો ચચરાટ ૦લઘુકથા – બારી

લઘુનવલકથા- નામ વગરના સંબંધ ૦રેખાચિત્ર –૧ મહુડાનો કેફ, ૨ મનેખ મારા મલકના

૦લોક સાહિત્ય –૧ ચરોતરના વંચિત સમાજની લોક સંપદા -નરસંગ ઓછ્બ

૨ – ચરોતરના વંચિત સમાજનું લોક સાહિત્ય – લગ્નગીત

૦ભાષા વિજ્ઞાન – ચરોતરી દલિત લોકબોલી ( દાસી જીવન શ્રેષ્ઠ સાહિત્ય કૃતિ એવોર્ડ )

૨ – રૂઢિપ્રયોગ ;એક અધ્યયન ૦શિક્ષણ, બાળ સાહિત્ય- ૧ વાવેતર (વાર્તા),૨ સમજણની વાતો

૩ ઝાંઝરી (કાવ્ય ) ૪ ભજવણી દ્વારા કેળવણી (નાટકો ) ૦ જીવન ચરિત્ર - ક્રાંતિ સૂર્ય ડૉ. બાબા સાહેબ આંબેડકર

પુરસ્કાર – દાસી જીવણ શ્રેષ્ઠ સાહિત્ય કૃતિ (ગુજ,સરકાર ),શ્રેષ્ઠ પુસ્તક પુરસ્કાર ( સાહિત્ય અકાદમી ), કેતન મુનશી વાર્તા પ્રથમ પુરસ્કાર (નર્મદ સા સભા) , સ્મિતા પારેખ વાર્તા પ્રથમ પુરકાર (અખિલ હિન્દ મહિલા પરિષદ (સુરત ) ,જૈન યુવા ફોરમ –વાર્તા પુરસ્કાર ( મુંબઈ ) જયંત ખત્રી વાર્તા સ્પર્ધા માં પુરસ્કાર , છાલક વાર્તા સ્પર્ધા , અરુમ વાર્તા સ્પર્ધા , નિબંધ સ્પર્ધા વગેરે પુરસ્કાર

જાહેરનામું – આ વાર્તા ‘મંછા ‘ મારી પોતાની મૌલિક અને અપ્રગટ કૃતિ છે તેમજ ક્યાય પ્રકાશન માટે મોકલીશ નહી .

---

ડો રમણ માધવ
૧,તોરણ, સારથિ નગર,
બોરસદ
પીન ૩૮૮૫૪૦ જી .આણંદ મો .૯૭૩૭૦૭૩૫૧
e-mail ramanmadhav1656@gmail com